# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-01-2025** **Midday : 2.30 to 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Ahmedabad Flower Show

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 'અમદાવાદ ઇન્ટરનેશનલ ફ્લાવર શૉ ૨૦૨૫' પ્રજાજનો માટે ખુલ્લો મૂક્યો હતો.

22 જાન્યુઆરી સુધી ચાલનારા ફ્લાવર શોમાં ઓડિયો ગાઈડની વ્યવસ્થા પણ કરવામાં આવી છે, જેમાં મુલાકાતીઓ QR કોડ સ્કેન કરી ફૂલ, સ્કલ્પ્ચર અને ઝોન વિશેની માહિતી મેળવી શકશે. નાગરિકોની માંગને ધ્યાનમાં રાખીને ફ્લાવર શોને લંબાવવામાં આવશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે ટ્રી સેન્સસનું લોન્ચિંગ અને મિશન થ્રી મિલિયન ટ્રી કોફી ટેબલ બુકનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદના ધારાસભ્યો, મેયર પ્રતિભા જૈન અને  મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારસન ઉપસ્થિત રહ્યા હતા.

આ અંગે અમદાવાદ મહાનગરપાલિકાની રીક્રીએશન કમિટીના ચેરમેન જયેશ ત્રિવેદીએ વધુ માહિતી આપી.

*(બાઈટ - રીક્રીએશન કમિટીના ચેરમેન જયેશ ત્રિવેદી)*

. . . . . . . . . . . . .

# Toshakhana gift sale

રાજ્ય સરકારના તોશાખાનામાં જમા થતી ભેટ-સોગાદોની હરાજીમાંથી ત્રણ મહિનામાં ₹36 લાખ 97 હજાર રૂપિયાની આવક થઈ છે. 2 ઓક્ટોબર, 2024નાં રોજ આ પોર્ટલ શરૂ થયું ત્યારથી ડિસેમ્બર મહિના દરમિયાન 400થી પણ વધુ વસ્તુઓ હરાજી માટે મૂકવામાં આવી હતી, જે પૈકી 181 વસ્તુઓના વેચાણ દ્વારા આશરે લગભગ 37 લાખ રૂપિયાની આવક થઇ છે. આ ભંડોળને કન્યા કેળવણી નિધિમાં જમા કરવામાં આવી છે. **ઇ-પોર્ટલના માધ્યમથી દેશની કોઈ પણ વ્યક્તિ આ હરાજીમાં ભાગ લઈ શકે છે.**

. . . . . . . . . . . . .

# Panch Mahotsav

પંચમહાલ જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ પાવાગઢ નજીક આવેલા વડા તળાવ ખાતે ગઈકાલે રાત્રે પંચ મહોત્સવ કાર્યક્રમનો કેબિનેટ મંત્રી કુબેરભાઇ ડિંડોરે શુભારંભ થયો હતો.

ચાલુ વર્ષે પાંચ દિવસને બદલે ત્રણ દિવસના પંચ મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સ્થાનિક પર્યટનને વેગ મળે તે માટે ટેન્ટ સિટી, ક્રાફ્ટ એન્ડ ફૂડ બજાર બનાવવામાં આવ્યું છે અને સાંસ્કૃતિક સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગઈકાલે લોક કલાકાર ગીતા રબારીએ પોતાના સુરીલા સ્વરમાં ગીતો રજૂ કરીને દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ ક્રાર્યક્રમનું ઉદ્ઘાટન કરતાં કેબિનેટ મંત્રી કુબેર ડિંડોરે આ મુજબ જણાવ્યું......

(બાઈટ -- કેબિનેટ મંત્રી કુબેર ડિંડોર )

. . . . . . . . . . . . .

# SHAKKARIYA- PAK- MAHESANA

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ગામડામાં આ વર્ષે શક્કરિયાના પાકનું વાવેતર સારું થયું છે.નવાપુર, મથસૂર, નદાસન અને કેયલ જેવા ગામોમાં 800 થી વધુ વિઘામાં વાવેતર થયું છે. ઉલ્લેખનીય છે કે, એક વિઘામાંથી ૩ હજાર કિલો થી વધુ શક્કરિયાનું ઉત્પાદન થાય છે. હાલ તેનો ભાવ 400 રૂપિયા પ્રતિ કિલો નો થયો છે.

. . . . . . . . . . . . . .

# SMC Police Station

ગૃહ વિભાગે ગઇ કાલે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)નું અલગ પોલીસ સ્ટેશન બનાવવાની મંજૂરી આપી છે. ટૂંક સમયમાં SMC માટે એક અલગ પોલીસ સ્ટેશન બનાવવામાં આવશે અને રાજ્ય કક્ષાનું આ એક જ પોલીસ સ્ટેશન હશે. આ પોલીસ સ્ટેશનમાં સમગ્ર રાજ્ય અને વિદેશની સ્પર્શતા ગુનાઓ દાખલ કરવામાં આવશે અને પ્રતિ નિયુક્તિ ઉપર PSI અને PI ની નિમણુંક કરવામાં આવશે.

સ્ટેટ મોનિટરિંગ સેલના નાયબ પોલિસ અધિક્ષક કે ટી કામરિયાએ આ અંગેની વધુ માહિતી આપીઃ

(BYTE -- K T Kamariya)

. . . . . . . . . . . . .

# KADI MARKET YARD - MAHESANA

આ તરફ કડી માર્કેટ યાર્ડમાં મઠના પાકની આવકમાં વધારો નોંધાયો છે. એક મહિનામાં 25 હજાર બોરી જેટલી આવક થઈ હતી. જેમાં મઠનો સરેરાશ ભાવ એક હજાર 343 રૂપિયા સુધીનો રહ્યો હતો. તો હજુ પણ મઠની આવક ચાલુ છે.

. . . . . . . . . . . . .

# DAMAN DIV 108 AMBULANCE

દાદરા નગર હવેલી અને દમણ દીવમાં 13 વર્ષથી ચાલી રહેલી 108 એમ્બ્યુલન્સે અત્યાર સુધીમાં 4 લાખ 57 હજાર 626 ઇમરજન્સી કોલ સ્વીકાર્યા છે. આમાંથી 26 ટકા એટલે કે 93 હજાર કોલ સગર્ભા મહિલાઓની પ્રસૂતિ માટે મળ્યા હતા.

ગયા વર્ષે મળેલા કુલ 45 હજાર કોલ્સમાં સરેરાશ પ્રતિસાદ સમય 8 મિનિટ 14 સેકન્ડ જેટલો રહ્યો છે. 108 ઇમરજન્સી સેવા દ્વારા વડામથક સેલવાસ ખાતે પ્રોગ્રામ મેનેજર જીતેન્દ્ર મહારાજની અધ્યક્ષતામાં EMT પાયલટ અને ERO સ્ટાફે નવા વર્ષની ઉજવણી કરી હતી અને નિઃસ્વાર્થ ભાવે તત્પરતાથી ફરજ નિભાવવના શપથ લીધા હતા.

. . . . . . . . . . . . .